## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત સાફલ્યગાથા

### તા.૨૪/૦૧/૨૦૨૨ થી ૩૦/૦૧/૨૦૨૨

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
| --- | --- |

**પ્રેસનોટ તા.૨૮/૦૧/૨૦૨૨**

**ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીની બોટલો કુલ નંગ-૧૬૮ કી.રૂ.૮૪,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી કુલ રૂ.૨,૮૯,૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી પાડી પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી**

અત્રેના નવસારી જીલ્લામાં પ્રોહિબીશન પ્રવૃતિ અટકાવવા તેમજ શોધી કાઢવા માટે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ, નવસારી વિભાગ, નવસારી નાઓએ વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ એ.એસ.આઇ કલ્યાણભાઇ રામભાઇ તથા એ.એસ.આઇ. સુનિલસિંહ દેવીસિંહ, હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, હે.કો. લલીતભાઇ અશોકભાઇ, પો.કો. અનિલભાઇ રમેશભાઇ નાઓ નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ગુના અંગે પેટ્રોલીંગમાં હોય દરમ્યાન હે.કો. મિલનભાઇ મનસુખભાઇ તથા પો.કો. અનિલભાઇ રમેશભાઇને મળેલ બાતમી હકીકત આધારે મોજે બોરીયાચ ટોલનાકા ને.હા.નં.૪૮ મુંબઇ થી અમદાવાદ જતા રોડ ઉપર આ કામે પકડાયેલ આરોપીના કબ્જાનો સફેદ કલરનો ટાટા સુપર એસી ટેમ્પો નંબર GJ 09 AV 5053 માં ચોરખાના બનાવી તેમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની છુટી બાટલીઓ કુલ-૧૬૮ નંગ કિ.રૂ. ૮૪,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ ગેરકાયદેસર વહન કરી લઇ જતા પકડી પાડી આરોપી પાસેથી કબ્જે કરેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી લાવેલ છે અને કોને આપવાનો છે? તે બાબતે પુછપરછ કરતાં રવિ જેનું પુરૂ નામ, સરનામું જાણવેલ નથી. તેણે પકડાયેલ આરોપીને ટાટા સુપર એસી ટેમ્પો કામરેજ બેલદા આપવાની હોટલ ઉપર આપી જતાં તે ટેમ્પો લઇ તેઓ સેલવાસ ખાતે જતા રવિનો માણસ તે ટેમ્પો લઇ જઇ તેમાં પ્રોહી મુદ્દામાલ ભરી આપી જતા પોતે કામરેજ દાદા ભગવાનના મંદીર નજીક પહોંચી રવિને ફોન કરવાનો હોય. જેથી તે ત્યાં આવી લઇ જનાર હોવાનું જણાવતા પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**(૧) પકડાયેલ આરોપીનુ નામ-**

(૧) દિલીપભાઇ મેપજીભાઇ ચોરી (કણબી પટેલ), ઉ.વ.૪૦, રહે. સાયણગામ, ભક્તિધારા સોસાયટી, આઇ-૧, બિલ્ડીંગ-૫૦૩, સુરત.

**(૨) વોન્ટેડ આરોપી પ્રોહી મુદ્દામાલ આપનાર તથા મંગાવનાર-**

(૧) રવિ, જેનું પુરૂ નામ, ઠામ જણાયેલ નથી.

(૨) રવિનો માણસ રહે. સેલવાસ

તથા તપાસમાં નિકળે તેઓ વિગેરે

**(૩) કબ્જે કરેલ મુદ્દામાલ** - (૧) ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કીની છુટી બાટલીઓ મળી કુલ-૧૬૮ નંગ કિ.રૂ.૮૪,૦૦૦/- (૨) સફેદ કલરનો ટાટા સુપર એસી ટેમ્પો નંબર GJ 09 AV 5053 કિ.રૂ.૨,૦૦,૦૦૦/-, (૩) અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂ.૨૫૦૦/-, (૪) મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૫૦૦/-, (૫) ટેમ્પોની



**પ્રેસનોટ તા.૨૫/૦૧/૨૦૨૨**

**છેલ્લાં ૧ વર્ષથી વાપી ટાઉન પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ડિટેઇન કરતી એલ.સી.બી. પેરોલ ફર્લો સ્કોડ, નવસારી**

નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ નવસારી નાઓએ પોલીસ ઇન્સ્પેક્ટર વી.એસ.પલાસ એલ.સી.બી. નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ.શ્રી એમ.જી.પાટીલ તથા એ.એસ.આઇ. કલ્યાણભાઇ રામભાઇ, એ.એસ.આઇ. સુનીલસીંહ દેવીસીંહ, હે.કો. ભાવેશકુમાર જયમનલાલ, પો.કો. નિમેષકુમાર કાંતિલાલ, પો.કો. અર્જુનભાઇ પ્રભાકરભાઇ નાઓ એલ.સી.બી. કચેરી ખાતે હાજર હતા દરમ્યાન હે.કો. ભાવેશકુમાર જયમનલાલ તથા પો.કો. અર્જુનભાઇ પ્રભાકરભાઇ નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, વાપી ટાઉન સી પાર્ટ ૧૧૨૦૦૦૪૮૨૧૦૪૭૯/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૯૮(૨), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપી વિમલ મગનભાઇ કોળી પટેલ રહે. નવસારી દેલવાડા, ભીનાર ઉભરાટ રોડ, વાફળીયુ, તા.જલાલપોર, નવસારીનાઓ પારસી હોસ્પિટલ આગળ ઊભેલ છે. જેણે સફેદ કલરનું ટીશર્ટ તથા ભુરા રંગનું પેન્ટ પહેરેલ છે.

જે બાતમી આધારે વાપી ટાઉન સી પાર્ટ ૧૧૨૦૦૦૪૮૨૧૦૪૭૯/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૯૮(૨), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી વિમલ મગનભાઇ કોળી પટેલ ઉ.વ.૪૩ રહે. નવસારી દેલવાડા, ભીનાર ઉભરાટ રોડ, વાફળીયુ, તા.જલાલપોર, નવસારીનાને પકડી પાડેલ.પકડાયેલ આરોપી ઉપરોક્ત ગુનામાં છેલ્લાં એક વર્ષથી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો હોય આરોપીને ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી :-**

વિમલ મગનભાઇ કોળી પટેલ ઉ.વ.૪૩ રહે. નવસારી દેલવાડા, ભીનાર ઉભરાટ રોડ, વાફળીયુ, તા.જલાલપોર, નવસારી

**સારી કામગીરી કરનાર પોલીસ અધિકારી /કર્મચારી :-**

PI શ્રી વી.એસ.પલાસ,PSI શ્રી એમ.જી.પાટીલ, ASI કલ્યાણભાઇ રામભાઇ, ASI સુનીલસીંહ દેવીસીંહ, HC ભાવેશકુમાર જયમનલાલ, PC નિમેષભાઇ કાંતિલાલ, PC અર્જુનભાઇ પ્રભાકરભાઇ



# પ્રેસનોટ

## તા.૨૫/૦૧/૨૦૨૨

## ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી તથા ટીન બીયરની બાટલીઓ કુલ નંગ-૩૪૭૮ કિં.રૂ.૪,૯૫,૦૦૦/- ના પ્રોહી મુદ્દામાલ સાથે બે આરોપીઓને ડીટેઇન કરતી નવસારી એલ.સી.બી

અત્રેના જીલ્લામાં પ્રોહીબીશન તેમજ જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ, નવસારી સાહેબ નાઓએ પોલીસ ઇન્સ્પેક્ટર વી.એસ.પલાસ એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે તા.૨૫/૦૧/૨૦૨૨ ના રોજ અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, અ.હે.કો. નીલેશભાઇ અશોકભાઇ, અ.હે.કો. ગણેશભાઇ દિનુભાઇ, અ.હે.કો. લલીતભાઇ અશોકભાઇ તથા અ.પો.કો. અનીલભાઇ રમેશભાઇ તમામ નોકરી એલ.સી.બી. નાઓ સાથે નવસારી જીલ્લામાં પ્રોહી ગુના અંગે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ફરતા-ફરતા અ.હે.કો. નીલેશભાઇ અશોકભાઇ તથા અ.હે.કો. ગણેશભાઇ દિનુભાઇ નાઓને સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે, " ખેરગામ પો.સ્ટે. વિસ્તારના કાકડવેરીગામ, દાદરી ફળીયામાં રહેતો પ્રોહી લીસ્ટેડ બુટલેગર તુષાલ ઉર્ફે કુશિયો શંકરભાઇ પો.પટેલ નાઓ તેના મળતીયા માણસો મારફતે એક સફેદ કલરની રીટ્ઝ કાર નં.GJ-15-AD-8309 તથા બીજી સિલ્વર કલરની અલ્ટો કાર નં.GJ-21-M-1311 માં ધરમપુર તાલુકા વિસ્તારમાં આવેલ ખંટાણાગામની હદમાંથી ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરી ખંટાણા, પાટી થઇ કાકડવેરી નિશાળ ફળીયાં જામનપાડા ચાર રસ્તા થઇ અંદર-અંદરના રસ્તે મહુવા-ધોળીકુંઇ ખાતે રહેતો નૈનેશ પટેલને આપવા સારૂ લઇ જનાર છે. જે મળેલ બાતમી હકીકત આધારે કાકડવેરી તરફ જતા જાહેર રોડ ઉપર વોચ રાખી બાતમી હકીકતમાં જણાવેલ બંન્ને કાર આગળ-પાછળ આવતા બંન્ને કારોને રોકી તેમાંથી બંન્ને વાહનના ચાલકોને પકડી વાહનોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કીની બાટલીઓ નંગ-૩૪૭૮ કિ.રૂ.૪,૯૫,૦૦૦/- નો વગર પાસ પરમીટનો મુદ્દામાલ મળી આવેલ અને આ પ્રોહી મુદ્દામાલ મંગાવનાર તથા ભરાવનાર તુષાલ ઉર્ફે કુશિયો શંકરભાઇ પો.પટેલ રહે. કાકડવેરીગામ, દાદરી ફળીયાં, તા.ખેરગામ જિ.નવસારી તથા આપી જનાર (૧) અજય ઉર્ફે ખેડુત પટેલ રહે-નાની વહીયાળ,તા.ધરમપુર તથા અર્જુન ઉર્ફે ખાલપો રહે-ઉદવાડા તથા મંગાનાર (3) નૈનેશ પટેલ, રહે- ધોળીકુંઇ-મહુવા નાઓને વોન્ટેડ જાહેર કરી પકડાયેલ આરોપીઓ તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં ખેરગામ પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવેલ છે.

